# પાલનપુર પાલિકાની વિવિધ સોસાયટી વિસ્તારોમાં પાણી ભરાતા ડેંગ્યુ અને મેલેરિયાના કેસમાં વધારો





પાલનપુર, તા. ૨૦

પાલનપુર નગરપાલિકા હાઈવે વિસ્તારની કેટલીક સોસાયટીઓમા ગેરકાઈદેસર દબાણો કરી વરસાદી પાણીનો નિકાલ બંદ કરી દેતા ચોમાસા અગાઉ પાલિકા દ્વારા પ્રિમોન્સૂન પ્લાનિંગની પોલ ખુલી પડી ગઈ છે. શહેરની મોટા ભાગની સોસાયટીઓ ઓછા વરસાદે ઠેરઠેર પાણી ભરાઈજતા મચ્છરનો ઉપદ્રવ વધતા શહેર માં ડેંગ્યુ, મેલેરિયા સહિત રોગોમાં વધારો થતાં રોગચાળો વધુ વકરે તે પહેલાં પાલિકાદ્વારા પાણીના નિકાલની વ્યવસ્થા કરે તેવી લોગ માગઉઠવા પામી છે.

પાલનપુર શહેર ના બેચરપુરા સહિત હાઈવે વિસ્તારનીની કેટલીક સોસાયટીઓ મા પાણી ભરાવાની સમસ્યા વર્ષોથી હલ ન થતા ઠેરઠેર પાણી ભરાઈ રહેતા લોકોમા પાલિકાના પ્રિમોન્સૂન પ્લાનિંગને લઈને સ્થાનિકોમાં રોસ જોવા મળ્યો હતો.

આબુ હાઈવે મેગા બંગલોઝ વિસ્તારની છ થી વધુ સોસાયટીઓમાં જવાના રસ્તાની બાજુમાં દબાણ કરી દીવાલ ચણી વરસાદી પાણી બંદ કરી દેતા રસ્તાપર બે ફૂટ પાણીમાંથી રહીશો પસાર થઈ રહ્યા છેને વરસાદી પાણી ભરાઈ રહેતા આ વિસ્તાર માં ડેંગ્યુ, મેલેરિયા સહિત વિવિધ રોગોના કેસોમાં વધારો થતાં રોગચાળો ફાટે તેવી દહેશત થતા સ્થાનિકો દ્વારા ઉચ્ચસ્તરે રજૂઆતો કરવા સતા કોઈજ કાર્યવાહી ન થતા સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો ને સ્થાનિક મહિલાઓ દ્વારા કલેકટર કચેરી ઘરણા કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

# મેઘરજ તાલુકામાં પોલીસની રહેમ નજર હેઠળ ચાલતી મૌતની મુસાફરી

## ભૂતકાળમાં કેટલાય લોકોએ જીવ ગુમાવ્યા છતાં પણ કાર્યવાહીમાં ઉદાસીનતાથી લોકોમાં રોષ

મેઘરજ તા.૨૦

મેઘરજ તાલુકામાં માલપુર - મોડાસા અને રાજસ્થાન તરફ થી રોજ આવતા જતા વાહનોમાં ભરચક મુસાફરો ભરેલા હોયછે ગણી વાર અકસ્માતો પણ સર્જાયેલાછે જેમાં કેટલાય લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે ત્યારે સ્થાનીક પોલીસ ની રોકટોક વગર રોજ થતી મૌતની મુસાફરી અટકાવવા સ્થાનીકોની માંગ ઉઠીછે.



મેઘરજ પોલીસની રહેમ નજર હેઠળ ચાલતી મોતની સવારીથી લોકો તોબા પોકારી ઉઠ્યા છે. મેઘરજ ટ્રાફિક પોલીસ મેઘરજ નગરમાં ઉભા રહેવાના બદલે ધનીવાડા નજીક, પંચાલ રોડ ઉપર કેથોલિક શાળા નજીક તેમજ મોડાસા રોડ ઉપર બગીચા નજીક ઉભા રહી નાના વાહન ચાલકો રોકી દંડ પધરાવી રહ્યા છે જયારે કેટલાક ખાનગી વાહન ચાલકો વાહનની છતો ઉપર પેસેન્જર બેસાડી બિન્દાસ પોલીસની મોજુદગીમાં પસાર થઈ રહ્યા છે. ભૂતકાળમાં વહીવટ કરી ખીચોખીચ પેસેન્જર ભરી પસાર થનાર કેટલાય પેસેન્જર વાહનોમાં અકસ્માતને કારણે લોકો મોતને ભેટ્યા છે તેમ છતાંય પણ પોલીસની આંખ ના ખુલતા રસ્તે પસાર થનાર નાના વાહન ચાલકોના જીવ પડીકે બંધાયા છે. આમ મેઘરજ પોલિસ દ્વારા ભેદભાવ ભર્યા વર્તન થી આમ પ્રજા ત્રાસી જવા પામી છે.

# જન્મદિને વધામણી



ગૌતમ જયસ્વાલ
મંત્રી, બાયડ શહેર યુવા બીજેપી
D/96 ગોકુલેશ સોસાયટી બાયડ



જીગર એચ. દેસાઈ
આકૃંદ તા.ધનસુરા



નચિકેત વી. પટેલ
કાશીપુરા કંપા તા.ધનસુરા



મેહુલ શાહ
સુરત



નીવ પંચાલ
બાયડ



હિરેન દરજી
બાયડ

# કોરોનામાં મૃત્યુ પામેલા દર્દીઓના સગાને સરકાર વળતર ચુકવે

## હિંમતનગરમાં કોંગ્રેસ દ્વારા ન્યાય યાત્રાનું આયોજન

હિંમતનગર તા.૨૦

સાબરકાંઠા કોંગ્રેસ સમિતિ દ્વારા હિંમતનગર ખાતે કોરોના મહામારીમાં મૃત્યુ પામેલા દર્દીઓના પરિવારજનો ન્યાય મળે તેમજ નાણાકીય વળતર મળે તે હેતુથી ભિલોડા ના ધારાસભ્ય અનિલ જોષીયારા ના નેતૃત્વમાં તેમજ સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસના પ્રમુખ કમલેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં પત્રકાર પરિષદનું



આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે કોવિડ ૧૯ ન્યાયયાત્રામાં બે અઠવાડિયાં સમયગાળામાં જ સમગ્ર ગુજરાતમાં ૩૧૮૫૦ જેટલા પરિવારોની મુલાકાત લઈ ફોર્મ ભર્યા છે. આ દરમિયાન કોંગ્રેસ પક્ષના ધ્યાનમાં આવ્યું કે કોરોનાથી મૃત્યુ પામેલા દર્દીઓના સરકારી આંકડાઓ કરતા મૃત્યુ પામેલા દર્દીઓના આંકડા ઘણા વધારે છે. જેમાં સાબરકાંઠામાં જ આશરે ૬૫ જેટલા ગામોની મુલાકાત લઈને કોંગ્રેસે કોરોના થી મૃત્યુ પામેલા ૭૫૦થી પણ વધુ દર્દીઓના પરિવારજનોના ન્યાય યાત્રા અંતર્ગત ફોર્મ ભર્યા છે. કોરોનાની બીજી લહેરમાં જ્યાં સરકારની ઘોર નિષ્ફળતા અને મેડિકલ વિભાગની બેદરકારી ગુજરાતભરના નાગરિકોને લાચાર અને અસહાય બનીને નિહાળી છે કોંગ્રેસે કોવિડ ૧૯ ન્યાયયાત્રા હેઠળ મૃત્યુ પામેલા દર્દી માટે ૪ લાખનું વળતર ની માંગણી કરી છે. આ ઉપરાંત કોવિડ ગ્રસ્ત તમામ દર્દીઓના મેડિકલ અને હોસ્પિટલના ખર્ચની રકમની ચુકવણી માટે પણ માંગણી કરી છે. કોંગ્રેસ પાર્ટી એ આક્ષેપ કર્યો છે કે સરકારી તંત્રની ઘોર નિષ્ફળતાને પરિણામે આટલી મોટી સંખ્યામાં ગુજરાતી દર્દીઓના મોત થયા છે તો તે માટે ન્યાયિક તપાસ પણ થવી જોઈએ. કોરોનાથી મૃત્યુ પામેલા સરકારી કર્મચારીઓના સંતાન કે પરિજનોમાંથી એકને કાયમી નોકરી પણ આપવી જોઈએ.આજની આ પત્રકાર પરિષદના ઈન્ચાર્જ ભિલોડાના ધારાસભ્ય અનિલભાઈ જોષીયારા, સાબરકાંઠા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કમલેશભાઈ પટેલ,હિંમતનગર શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રિયવદન ભાઈ પટેલ, ,પૂર્વ તાલુકા પ્રમુખ સુરેશભાઈ પટેલ , પૂર્વ મીડિયા કોઓર્ડીનેટર યુસુફભાઈ બચ્ચા અને નિરવ ભાઈ જોશી હાજર રહ્યા હતા.



પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં દશ દિવસ વિદ્વાન પંડિત શ્રી રજનીભાઈ દોશી, હિમતનગરના સાનિધ્યમાં ખુબ જ ઉલ્લાસ તથા આનંદ પૂર્વક ઉજવવામાં આવ્યો. પૂજન, પ્રવચન, પ્રતિક્રમણ, સાસ્કૃતિક પ્રોગ્રામ નિયમિતપણે દશ દિવસ રાખવામાં આવ્યા. ચેતનાબેન શાહ(નગરપાલિકા સદસ્યા), ભાવનાબેન શાહ તથા મનીષભાઈ શાહ દ્વારા દશ દશ ઉપવાસની આરાધના કરવામાં આવી. આ બધાની ખુશાલીમાં ભગવાનને ચાંદીના રથમાં બિરાજમાન કરીને મહાવીર નગર સોસાયટીની પ્રદક્ષિણા પૂર્વક શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું સાથે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરવામાં આવી. જબલપુરથી પધારેલ પંડિત શ્રી રાજેન્દ્ર કુમારજીનુ વિશેષ પ્રવચન તથા સમસ્ત વિશ્વની શાંતિ તથા સુખાકારીની ભાવના ભાવીને અંતે સર્વે મુમુક્ષુ પરિવારનું વાત્સલ્ય ભોજન દ્વારા સમાપન થયું.

# પ્રાંતિજ તાલુકાના સાપડ ખાતે સમસ્ત બ્રહ્મ સમાજની બેઠક

હિંમતનગર તા.૨૦

સાપડ ખાતે સમસ્ત બ્રહ્મસમાજ સાબરકાંઠા ની પ્રથમ મીટીંગ મળેલ હતી જેમાં સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષાના પ્રમુખ ભરતભાઈ રાવલ ઉપપ્રમુખ પ્રફુલભાઈ વ્યાસ અશ્વિનભાઈ ત્રિવેદી પ્રવકતા દિનેશભાઈ રાવલ પ્રોગ્રામ કો.ઓર્ડીનેટર અતુલભાઈ દીક્ષિત મંત્રી રિશિરાજભાઈ ભટ્ટ પ્રભારી ભરતભાઈ વ્યાસ હાજર રહેલ હતા. પ્રમુખ મનોજભાઈ પુરોહિતે સમાજ માટે એકજૂટ થઈ બ્રહ્મ સમાજ નો વિકાસ અને ઉત્થાન માટે હંમેશા પ્રયત્નશીલ રહેવા હાકલ કરી હતી. યુવા પાંખના




પ્રમુખશ્રી હર્ષલ ભાઈ રાવલે સમાજના યુવા સંગઠન વિશે જાણકારી આપી હતી. તેમજ મહિલા પાંખના પ્રમુખ ડો. કરુણાબેન ત્રિવેદીએ મહિલાઓના સંગઠન વિશે જાણકારી આપી હતી. આ મિટિંગમાં સમાજની જિલ્લાની વિશિષ્ટ પ્રતિભાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સદર પ્રોગ્રામનું સફળ સંચાલન કલ્પીતભાઈ દવે, દેવાંગભાઈ શુક્લ, પારસ ભાઈ મહેતા, નયનભાઈ મહેતા, મુકેશભાઈ જાની, કેતુલ ભાઈ વ્યાસ, દ્વારા કરવામાં આવ્યું હતું.

# પૈસાની ઉઘરાણી કેમ કરો છો તેમ કહી મહિલાને કુહાડીના હાથા વડે માર મારતા ફરિયાદ નોંધાઈ

પાલનપુર, તા.૨૦

પાલનપુર રેલ્વે સ્ટેશન પર ગેંગમેન તરીકે નોકરી કરતા મધુબેન ફતાભાઈ ભીલ એ બે વર્ષ અગાઉ ભીલડી રેલ્વે સ્ટેશન પર નોકરી કરતા રામકિશોર જોગીને તેમની દિકરીના લગ્ન પ્રસંગે પૈસા ઉધાર આપ્યા હતા.તેની બે દિવસ પહેલા ઉઘરાણી કરી હતી .જેને લઈને રામકિશોર જોગીએ પાલનપુર ખાતે મધુબહેન ના ક્વાર્ટર્સ પર આવી અને મારી પાસે પૈસાની ઉઘરાણી કેમ કરો છો તેમ કહી ખાટલા નીચે પડેલી કુહાડીના હાથા વડે માર માર્યો હતો.બાદમાં રામકિશોર જોગી ભાગી ગયાં હતાં જોકે મધુબહેને તેમની દિકરીને આ બાબતની જાણ કરતા પાલનપુર સિવિલમાં સારવાર અર્થે લવાયા હતા.જે બાબતે ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



'કોરોના' જેવી વૈશ્વિક મહામારીના કારણે કોલેજોમાં સ્પોર્ટસની પ્રવૃત્તિઓ બંધ હતી પણ સરકારની ગાઈડલાઈન મુજબ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી આ વર્ષે રમતોનું આયોજન કરવા જઈ રહી છે. આ નિર્ણયથી સ્પોર્ટસ ક્ષેત્રે અને ખેલાડીઓમાં આનંદની લાગણી પ્રસરી છે. ડીસા કોલેજ ના સ્પોર્ટ્સ ડિપાર્ટમેન્ટે યુનિવર્સિટી અને રાજ્ય કક્ષાએ અનેક રમતોમાં ચેમ્પિયનશીપ મેળવી યુનિવર્સિટીમાં અને જિલ્લામાં આગવી પ્રતિષ્ઠા ઉભી કરી છે. આ વર્ષે કોલેજમાં જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા એ રમતોની પ્રેકટીસ શરૂ થઈ ગઈ છે અને ખેલાડીઓ પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે. સ્પોર્ટ્સ ડિપાર્ટમેન્ટ પ્રોફેસર ડૉ. આર.ડી ચૌધરી એ સ્વસ્થ અને સુંદર જીવન જીવી ખેલાડીઓ વધારે રમતમાં ભાગ લઈ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરે એવી શુભકામનાઓ પાઠવી છે

# પાલનપુર માર્કેટયાર્ડની ચૂંટણીમાં સત્તા પુનરાવર્તન થયું

## ૧૬ બેઠકો પૈકી ૧૨ બેઠકો ફતાભાઇ ધરિયા અને ૪ બઠેકો સોમાભાઇ પટેલ એ કબજે કરી

પાલનપુર, તા. ૨૦

પાલનપુર માર્કેટયાર્ડની ચૂંટણી શનિવારના રોજ



માર્કેટયાર્ડ ખાતે યોજાઈ હતી. જેમાં ૧૬ બેઠકો પર ૩૨ ઉમેદવારો મેદાનમાં હતા.જેમાં શનિવારે થયેલા ૯૭.૭૩ ટકા મતદાનની રવિવારે મતગણતરી કરાઈ હતી.જેમાં પૂનરાર્વત થયુ છે.

પાલનપુર માર્કેટયાર્ડમાં વર્તમાન ચેરમેન ફતાભાઈ ધરીયાની આપણી પેનલ અને પૂર્વ ચેરમેન સોમાભાઈ પટેલની પરિવર્તન પેનલ વચ્ચે શનિવારે ચૂંટણી જંગ ખેલાયો હતો. જેમાં ખેડૂત વિભાગની ૧૦ બેઠક, વેપારી વિભાગની ૪ બેઠક અને ખરીદ વેચાણ વિભાગની ૨ બેઠક મળી કુલ ૧૬ બેઠક પર બન્ને પેનલના ૩૨ ઉમેદવાર મેદાનમાં હતા.ત્યારે ૧૮મી સપ્ટેમ્બરેને શનિવારના રોજ પાલનપુર માર્કેટયાર્ડની ચૂંટણી યોજાઈ હતી.જેમાં ૯૭.૭૩ ટકા મતદાન થયુ હતુ.જેમાં ૧૫૮૯ મતદારો માંથી ૧૫૫૩ જેટલા મતદરોએ પોતાના મતનો ઉપયોગ કર્યો હતો.જેમાં ખેડૂત વિભાગ ૯૧૨ ,વેપારી વિભાગ ૧૭૨,સંઘ વિભાગ મા ૪૬૯ મતદાન થયુ હતુ.જેની રવિવારે વહેલી સવારે નવ કલાકે ચૂંટણી અધિકારી આર.પી.ખરાડીના અધ્યક્ષ સ્થાને મત ગણતરી હાથ ધરવામાં આવી હતી.જેમાં ફતાભાઈ ધરીયાની આપણી પેનલએ ૧૨ બેઠકો પર સત્તા મેળવી હતી.તેમજ સોમાભાઈ પટેલની પરીવર્તન પેનલે વેપારી વિભાગમાં ચાર બેઠક પર સત્તા હાસલ કરી હતી.જેથી બહુમતી ફતાભાઈ ધરીયાની આપણી પેનલને મળતા વિજેતા જાહેર કરાયા હતા.

| ખેડૂત વિભાગમાંથી ચૂંટાયેલા વિજેતાઓને નામ | |
|---|---|
| ૧.આંજણા (ધરીયા)ફતાભાઈ પરાગભાઈ | ૫૫૪ |
| ૨.આંજણા હરેશભાઈ જીવાભાઈ | ૫૫૧ |
| ૩.આંજણા(જેગોડા)મોંઘજીભાઈ મેઘરાજ ભાઈ | ૫૩૫ |
| ૪. કરેણ (આંજણા)લાલજીભાઈ કાળુભાઈ | ૫૩૫ |
| ૫.આંજણા ( જુઆ) દિનેશભાઈ ઓખાભાઈ | ૫૧૮ |
| ૬.આંજણા દિનેશભાઈ લક્ષ્મણભાઈ કુણીયા | ૫૧૬ |
| ૭.પટેલ ભગવાનભાઈ હીરાભાઈ | ૫૦૫ |
| ૮. આંજણા (વળાગાંઠ)કાનજીભાઈ લક્ષ્મણભાઈ | ૪૯૮ |
| ૯.લોહ (આંજણા) મહેન્દ્રભાઈ કાનજીભાઈ | ૪૫૯ |
| ૧૦.રજપૂત (રાણા )દલપતસિંહ કરસનજી | ૪૫૧ |
| **વેપારી વિભાગ માંથી ચૂંટાયેલા** | |
| ૧.પટેલ સુરેશભાઈ અજાભાઈ | ૨૫૦ |
| ૨.પટેલ વિજયકુમાર પરસોત્તમદાસ | ૨૨૪ |
| ૩.પટેલ યશવંત કુમાર પરસોત્તમદાસ | ૨૨૧ |
| ૪.મોદી મીતુલકુમાર પ્રહલાદભાઈ | ૧૯૮ |
| **ખરીદ વેચાણ સંઘ વિભાગ** | |
| ૧.ચૌધરી( ધરિયા )શામળભાઈ પરાગભાઈ | ૧૧૦ |
| ૨.પટેલ બાબુભાઈ હીરાભાઈ | ૧૦૬ |

# અવસાન નોંધ



વડગામ, તા. ૨૦

ધનસુરા તાલુકાના નરસિંહભાઈ રાવળ, રામજીભાઈ રાવળ અને વિક્રમભાઈ રાવળના પિતા શકરાભાઈ મોહનભાઈ રાવળ (પ્રમુખ - અરવલ્લી જિલ્લા રાવળ યોગી સમાજ)નું નિધન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૨૩મી સપ્ટેમ્બર, ગુરુવારના રોજ વડાગામ, તા. ધનસુરા ખાતે તેમના નિવાસ સ્થાને રાખેલ છે.